GJBK220004622025

| | | | | | |
|---|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૮/૧૦/૨૦૨૪. | | | |
| નોંધ્યા તારીખ | : | ૨૮/૧૦/૨૦૨૪. | | | |
| ફેંસલ તારીખ | : | ૦૯/૦૪/૨૦૨૬. | | | |
| સમય ગાળો | | વર્ષ | માસ | દિવસ | |
| | | ૦૧ | ૦૫ | ૧૨ | |

**સુઈગામના મહેરબાન જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : સુઈગામ**

**ક્રિમીનલ કેસ નંબર : ૩૨૯/૨૦૨૫.**
(સુઈગામ પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૫૦૪૫૨૫૦૨૧૦/૨૦૨૫)

**આંક**

**ફરિયાદી** : **શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ** : (૧) ચેહરાભાઈ નાગજીભાઈ રાજપુત,
(૨) રામસીંગ ઉર્ફે રામાભાઈ નાગજીભાઈ રાજપુત,
બંને રહે. સોનેથ, તા.સુઈગામ,
**જીલ્લો– બનાસકાંઠા.**

| | |
|---|---|
| **તહોમત :–** | **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ ૧૧૫(૨),૨૯૬(ખ),૩૫૧(૩),૫૪ મુજબ....** |

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી કે.એમ. ખાખલેચા**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી વી.વાય.ઓઝા,**

## –: ચુ કા દો :–

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારોએ તેઓના કારણાસર નામના ખેતરે જવાનો માર્ગ ચોમાસામાં બગડી ગયેલ હોય જે સારી કરેલ જે બાબતનું મનદુખ રાખી આ કામના તહો.એ સાહેદોને મા બહેન સમી ભુંડી ગાળો બોલી સાહેદ ફરી.ની દીકરી ગોમતીબેનને ડાબા હાથે લાકડાના હાથાવાળો પાવડો ઉંધો મારી સાહેદને ઈજા

કરી સાહેદો તથા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એક બીજાની ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ ૧૧૫(૨),૨૯૬(બી),૩૫૧(૩),૫૪ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને તપાસના તમામ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાનું આંક–૪થી તહોમતનામું ફરમાવી,આરોપી ઓની પ્લી આંક–૫ અને આંક–૬ થી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓ એ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>–:– મૌખિક પુરાવા –:–</u>**

(૧) આંક–૮થી ફરીયાદી રાયચંદભાઈ શીવાભાઈ ઠાકોરની જુબાની,

(૨) આંક–૧૦થી સાહેદ ગોમતીબેન દાનાજી ઠાકોરની જુબાની,

**<u>–:– દસ્તાવેજી પુરાવા –:–</u>**

(૧) આંક–૦૯ થી ફરીયાદ,

(૨) આંક–૧૧ થી મુદ્દામાલ રીકવરી અંગેના પંચનામુ,

(૩) આંક–૧૨ થી મેડીકલ સર્ટીફીકેટ,

આ સિવાય ફરીયાદપક્ષે બીજો કોઈ પુરાવો તપાસવો નથી તેવી મૌખિક રજુઆત કરેલ છે,રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓનો ક્રિમી.પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ સોગંદ ઉપર પુરાવો આપવો છે બાબતે પુછતાં તેઓએ ના જણાવેલ છે તેમજ વિશેષમાં કાંઈ કહેવુ

છે તે બાબતે આરોપીઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે અને આ કામના ફરીયાદીએ તેઓની વિરૃધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરાવેલ છે.

(૪) ઉભય પક્ષ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

વધુમાં સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોઈ,તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રિમકોર્ટના- ૧) ૧૯૯૬(૩), ક્રાઈમ્સ-૮૫-સતીષ મહેરા વિરૃધ્ધ દિલ્હી એમિનિસ્ટ્રેશન તથા ૨) ૨૦૦૮ (૮) એસ.સી.સી.૫૮૨ મદનમોહન વિરૃધ્ધ સ્ટેટ ઓફ પંજાબના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમકોર્ટે ઠરાવેલ માર્ગદર્શક સિધ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાર ઠરાવવાની કોઈ શકયતા જણાતી ન હોઈ ત્યારે, કોર્ટ આવા પ્રોસેડીંગ આગળ ચલાવવા ફુલટાઈમ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

પુરાવાના કાયદાની કલમ-૧૩૪ વંચાણે લેતાં પુરાવાનો જથ્થો નહી, પરંતુ પુરાવાની ગુણવતા અગત્યની હોય છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં ફરીયાદપક્ષ તરફે આ કામે તપાસેલ સાહેદ સિવાય અન્ય સાહેદને ન તપાસવા છતાં કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

(૫) ઉપરોકત વિગતે મારી સમક્ષ નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## // મુ દ્દા ઓ //

**(૧)** શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના તહોમતદારોએ તેઓના કારણાસર નામના ખેતરે જવાનો માર્ગ ચોમાસામાં બગડી ગયેલ હોય જે સારી કરેલ જે બાબતનું મનદુખ રાખી આ કામના તહો.એ સાહેદોને મા બહેન સમી ભુંડી ગાળો બોલી સાહેદ ફરી.ની દીકરી

ગોમતીબેનને ડાબા હાથે લાકડાના હાથાવાળો પાવડો ઉંધો મારી સાહેદને ઈજા કરી સાહેદો તથા ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એક બીજાની ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ ૧૧૫(૨),૨૯૬(બી),૩૫૧(૩),૫૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**(૧)** નકારાત્મક,
**(૨)** આખરી હુકમ મુજબ,

(૭) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## <u>// કા ર ણો //</u>

***<u>મુદ્દા નં. –૧ :–</u>***

(૮) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવા નો બોજો આરોપીઓ ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવા ની હોતી નથી,પરંતુ આરોપીઓ ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય.તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય.હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૨૯૬(બી),૩૫૧ (૩),૫૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય. સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબના ગુનો સાબિત કરવા ફરિયાદી એ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી

ફરિયાદપક્ષની છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપીઓ જો કોઈ અપવાદનો લાભ લેવા માંગતા હોય તો પણ પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ તેમણે સંભવિતતા દર્શાવવાની રહે છે.આરોપીઓ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા સારૂ આંક–૮ થી ફરીયાદી રાયચંદભાઈ શીવાભાઈ ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ કયારે બનેલ તે તેઓને હાલમાં યાદ નથી. બનાવમાં આરોપીઓ અને ફરીયાદી સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કાંઈ બનેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી. હાલની ફરીયાદ તેઓએ ઉશ્કેરાટમાં આવીને આપેલી. જે ફરીયાદ આ કામે આંક– ૦૯ થી રજુ છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થતાં ઉશ્કેરાટમાં આવીને હાલની ફરીયાદ કરેલ. તેઓ કબુલ રાખેલ છે કે આ કામના આરોપીઓ તેઓને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આરોપીઓ વિરૂધ્ધ તેઓ કાંઈ કહેવા માંગતા નથી.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા સારૂ આંક–૧૦ થી સાહેદ ગોમતીબેન દાનાજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ કયારે બનેલ તે તેઓને હાલમાં યાદ નથી. બનાવમાં તેઓને સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કાંઈ બનેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી. હાલની ફરીયાદ તેઓના માતાએ ઉશ્કેરાટમાં આવીને આપેલી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે આ કામના આરોપીઓ સાથે સામાન્ય

બોલાચાલી થતાં ઉશ્કેરાટમાં આવીને હાલની ફરીયાદ કરેલ. તેઓ કબુલ રાખેલ છે કે આ કામના આરોપીઓ તેઓને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. આરોપીઓ વિરૂધ્ધ તેઓ કાંઈ કહેવા માંગતી નથી.

(૧૧) આ કામે રજુ કરવામાં આવેલ રેકર્ડ તથા આ કામે રજુ થયેલ ઉપરોકત ફરીયાદી તેમજ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,ફરીયાદી અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવાથી હાલનો બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે.આ કામના ફરીયાદી પોતે બનાવની હકીકત ને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ ફરીયાદી તેમજ સાહેદ તેઓની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે  છે કે આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી.આમ,ખુદ ફરીયાદી તેમજ સાહેદ પોતે જ પોતાના કોર્ટ રૂબરૂના પુરાવામાં ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ કે બનાવની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપતા નથી. આ સિવાય આરોપીઓ દવારા મુદદામાલ રીકવરી અંગેના પંચનામા તેમજ સારવાર પ્રમાણપત્રો તેમજ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને  આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નહી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ કામે ખુદ ફરીયાદી પોતે પોતાના પુરાવામાં બનાવની હકીકત કે ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોઈ, તે સંજોગોમાં મુદદામાલ રીકવરી અંગેના પંચનામા તેમજ સારવાર પ્રમાણપત્રો તેમજ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને વંચાણે લેવામાં આવે તો પણ હાલના આરોપીઓએ જ ફરીયાદીને માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ જ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી.આમ,આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ખુદ ફરીયાદીના પુરાવાથી હાલના આરોપીઓએ જ બનાવ વખતે ફરીયાદીને ઈજા કરેલ હોય કે માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ

હોય તેવી કોઈ જ સ્પષ્ટ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો જોતાં આરોપીઓએ ફરીયાદીને માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકીકત શંકાથી પર સાબિત થતી ન હોય,ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય,મુદ્દા નં.૧નો જવાબ ''નકાર''માં આપી,મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીઓને તેઓની સામેના બી.એન.એસ.કલમ–૧૧૫ (૨),૨૯૬(બી),૩૫૧(૩),૫૪ મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓ તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા સી.આર.પી.સી.કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/–પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ **તા૦૯ મી, માહે એપ્રિલ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુઈગામ
તારીખ : ૦૯/૦૪/૨૦૨૬.

**(ગૌરવ શર્મા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સુઈગામ
(કોડ નં.જીજે૦૧૪૪૩)